| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૪/૦૨/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૪ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૯૧/૨૦૨૩

**અમરાઇવાડીઃ** પુનમબહેન તે દિપકભાઇ દશરથભાઇ પઢીયારની વિધવા પત્નિ (ઉ.વ.૩૮) (રહે. પહેલો માળ નિલકંઠ રેસીડેન્સી બળીયાવાસ અમરાઇવાડી ગામ અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૪૫ થી બપોરના ૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની પાછળ રસોડાની ખુલ્લી બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૯૨/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** રમેશભાઇ ઉર્ફે મુન્નાભાઇ મોહનભાઇ દંતાણી (રહે. એ.ઇ.સી. સોલા ક્રોસ બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે બ્રિજ નીચે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૨/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ક્રોડીયાતર ચલાવે છે.

**ખોખરાઃ** સુનિલ રમણીકલાલ કનોજીયા (ઉ.વ.૪૦) (રહે. રૂષીકેશનગર હાઉસીંગ હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી